## ક્રિમીનલ અપીલ નં. ૩૨૩/૨૦૨૪

**<u>આંક: ૧ લગત હુકમ :-</u>**

રેકર્ડ જોતાં, આજરોજ બંને પક્ષકારો કોર્ટ સમક્ષ હાજર છે. એપેલેન્ટ અને રીસ્પોન્ડન્ટ વચ્ચે સમાધાન થઇ ગયેલ છે. તેથી આંક: ૧૩ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. સમાધાન પુરસીસના લખાણ બાબતે બંને પક્ષકારો સહમત છે.

જે ગુનાના કામે અપીલ દાખલ કરવામાં આવેલ છે તે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટનો ગુનો છે. જે ગુનો સમાધાનલાયક છે અને અપીલ તબકકે પણ સમાધાન થઇ શકે તેવો ગુનો છે. જેથી પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય, વિવાદનો કાયમી નિકાલ થયેલ હોય સમાધાન પુરસીસ ગ્રાહય રાખવામાં આવે છે.

વિ.ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નં. ૩૫૧/૨૦૧૭ ના કામે તા.૧૮/૯/૨૦૨૪ ના રોજ એપેલેન્ટને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટના ગુના માટે દોષિત માનતો જે ચુકાદો આપ્યો છે, તે ચુકાદો સેટેસાઇટ કરવામાં આવે છે. એપેલેન્ટ/આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

એપેલેન્ટ ધ્વારા વચગાળાના તબકકે કોઇ રકમ ડિપોઝીટ કરવામાં આવી હોય અને તે હજી પણ પેન્ડીંગ હોય તો તે રકમ તેના પર જમા થયેલા વ્યાજ સહિત એપેલેન્ટને પરત કરવી.

વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને પ્રોસીડીંગ્ઝ આ હુકમની એક ખરી નકલ સાથે પરત મોકલી આપવુ.

હુકમ આજરોજ તા.૨જી, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Dated:02/07/2026
Place:- Gandhinagar.

//K.J.P//

**[Virendrasinh Gemalsinh Rana]**
5th Additional District & Session Judge,
Gandhinagar.<u>GJ00964</u>